# જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી

બહુમાળી ભવન, એ વિંગ, રૂમ નં.૧૦૭ થી ૧૧૧, અમરેલી

ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૯૩૬

E-Mail : amrelideo@gmail.com Website : https://deoamreli.com


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

પરિપત્ર નં. ૬૯૪

ક્રમાંક:યોજના/શ્રેષ્ઠ શિક્ષક/પારિતોષિક-૨૦૨૧/૨૦૨૧-૨૨/૪૦૩૯-૪૩ તા.૦૪/૦૫/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી,
આ જિલ્લાની સરકારી/બિન સરકારી પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ...
જિ.અમરેલી

વિષય : તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૧ ના વર્ષ માટેની દરખાસ્ત મોકલી આપવા બાબત.

સંદર્ભ : (૧) પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક:પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૧/૨૦૫૬-૨૧૯૦, તા.૦૩/૦૫/૨૦૨૧

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૯/સિંફા-૧૩/ક.

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત ઠરાવ અન્વયે તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવાની નીતિ નિયત કરવામાં આવેલ છે.સંદર્ભ પત્ર (૧) થી તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક–૨૦૨૧ ની દરખાસ્ત કરવાની સુચના થઇ આવેલ છે.ઉપરોક્ત સંદર્ભિત(૨) ના ઠરાવ અનુસાર તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક–૨૦૨૧ માટેની દરખાસ્ત નીચેની વિગતે નિયત નમૂનામાં અને સમય મર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવે છે.

- તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૧ ના વર્ષ માટેની દરખાસ્ત શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૯/સિંફા-૧૩/ક., તા.૨૫/૦૬/૨૦૧૯ ની સૂચનાઓને ધ્યાને લઇને જ કરવાની રહેશે.

- પ્રાથમિક શાળાના શિક્ષકો/આચાર્યશ્રીઓ/સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષકશ્રીઓએ નિયત નમૂનામાં અને સમયમર્યાદામાં તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક–૨૦૨૧ની દરખાસ્ત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તા.૦૫/૦૬/૨૦૨૧ના કચેરી સમય સુધીમાં બિનચૂક મોકલી આપવાની રહેશે.

- સરકારી અને બિન સરકારી માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો/આચાર્યશ્રીઓ તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષકોએ નિયત નમૂનામાં અને સમય મર્યાદામાં તાલુકા કક્ષા,જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક–૨૦૨૦ની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા.૦૫/૦૬/૨૦૨૧ના કચેરી સમય સુધીમાં બિનચૂક મોકલી આપવાની રહેશે.

Scanned with CamScanner

❖ સંદર્ભિત(૨) ના ઠરાવ અનુસાર તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષા માટેના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક એવોર્ડ માટેની પાત્રતા ધરાવતા શિક્ષકશ્રીઓ એ જ દરખાસ્ત કરવી.

❖ સમયમર્યાદા બાદ રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લેવામાં આવશે નહી.

❖ આ સહ સામેલ તાલુકા/જિલ્લા/રાજ્ય એવોર્ડ માટેની દરખાસ્તની માહિતી દર્શાવતું પંત્રક અલગથી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી,બહુમાળી ભવન,અમરેલી ખાતેની યોજના શાખામાં જમા કરાવવાનું રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી જિ.અમરેલી

**બિડાણ :**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૫/૦૬/૨૦૧૯ નો ઠરાવ

(૨) તાલુકા/જિલ્લા/રાજ્ય એવોર્ડ માટેની દરખાસ્તની માહિતી દર્શાવતું પત્રક.

**નકલ રવાના કાર્યવાહી થવા સારૂં :**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, શિક્ષણ શાખા, અમરેલી

-/ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફત આપના તાબા હેઠળની શાળાઓને અલગથી જાણ કરી સમય મર્યાદામાં દરખાસ્તનું તાલુકા/જિલ્લા/રાજ્ય પારિતોષિક મુજબ એકંદરી કરણ કરી નિયત નમૂનાઓમાં અને રોજકામમાં સહી/સિક્કા કરી સમય મર્યાદામાં દરખાસ્તો અત્રેની કચેરીને મોકલી આપવા સારૂ.

(૨) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

-/ બહોળી પ્રસિદ્ધિ સારૂ.

(૨) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તમામ....(જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત...)

(૩) શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, અમરેલી.....

-/ બહોળી પ્રસિદ્ધિ સારૂ.

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

પ્રતિ, નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી, બ્લોક નં ૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા., ગાંધીનગર

Scanned with CamScanner

# તાલુકા/જિલ્લા/રાજ્ય/રાષ્ટ્રીય એવોર્ડ માટેની દરખાસ્તની માહિતી દર્શાવતું પત્રક

(આ પત્રક અલગથી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી,બહુમાળી ભવન,અમરેલી ખાતેની યોજના શાખામાં જમા કરાવવું.)

| | | | |
|---|---|---|---|
| જે એવોર્ડ માટે દરખાસ્ત કરી છે તેની વિગત :<br>તાલુકા / જિલ્લા / રાજ્ય / રાષ્ટ્રીય | | | |
| શિક્ષકનું પૂરું નામ (ગુજરાતીમાં) : | | | |
| શિક્ષક નો હોદો અને કોન્ટેક્ટ નં : | | | |
| શાળાનું નામ,સરનામું અને કોન્ટેક્ટ નં : | | | |
| જન્મ તારીખ : | | | |
| નોકરીમાં મૂળ દાખલ તારીખ : | | | |
| નોકરીમાં પૂર્ણ પગારમાં સમાવ્યા તારીખ : | | | |
| ૩૧/૦૫/૨૦૨૧ ની સ્થિતિએ નોકરીનો સમય : | વર્ષ : | મહિનો : | દિવસ : |
| CRC/BRC મા જોડાયા તારીખ થી તારીખ : | | | |
| CRC/BRC શાળાનું નામ : | | | |
| ગુણોત્સવ ગ્રેડની માહિતી :<br>(પ્રાથમિક વિભાગને લાગુ પડશે.) | વર્ષ | શાળાનો ગ્રેડ | શિક્ષકનો ગ્રેડ |
| | વર્ષ ૨૦૧૯ | | |
| | વર્ષ ૨૦૨૦ | | |
| | વર્ષ ૨૦૨૧ | | |

શાળાનું છેલ્લા ત્રણ વર્ષનું પરીણામ અને શિક્ષક જે વિષય ભણાવે છે તેનું છેલ્લા ત્રણ વર્ષનું પરિણામ
(માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ ને લાગુ પડશે.)

| | શાળાનું પરિણામ | વિષયનું પરિણામ |
|---|---|---|
| વર્ષ ૨૦૧૮-૨૦૧૯ | | |
| વર્ષ ૨૦૧૯-૨૦૨૦ | | |
| વર્ષ ૨૦૨૦-૨૦૨૧ | | |

| | |
|---|---|
| રજુ કરેલ દરખાસ્ત કેટલા નકલમાં છે ? | |

આથી પ્રમાણીત કરવામાં આવે છે,કે ઉપરોક્ત જે વિગતો દર્શાવેલ છે,તેની મે જાતે ખરાય કરેલ છે.જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :

તારીખ : (શિક્ષકનું નામ અને સહી) (આચાર્યનું નામ/સહી/સિક્કા)

દરખાસ્ત કરેલ એવોર્ડી શિક્ષકનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

શાળામાં વિદ્યાર્થીની સંખ્યા :

ગામની વસ્તી :

Scanned with CamScanner